Tuesday
23.12.2025
✻Volume :10 ✻ Issue No.165
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✻Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે
- વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા રોડમેપ તૈયાર કરનાર ગુજરાત સૌપ્રથમ રાજ્ય છે
- ગુજરાતનું અમૃત વર્ષ એક માઇલસ્ટોન પુરવાર થશે
- ગુજરાતનાં શહેરો હોલિસ્ટિક ડેવલપમેન્ટ થકી ગ્રોથ હબ બનશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગૌરવશાળી ગુજરાત કૉક્લેવમાં પ્રોત્સાહક ઉપસ્થિતિ અને સંબોધન

કમલમ્,
અમદાવાદ ખાતે આયોજિત ગૌરવશાળી ગુજરાત કૉક્લેવમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે જણાવ્યું હતું કે ગુજરાતઅને વિકાસ આજે એકબીજાનાપર્યાય બન્યાછે, જેના પાયામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિ છે, જેણે એકનવો ઈતિહાસરચ્યો છે, ગુજરાત વિકાસનું રોલમોડલ બન્યું છે, એવું તેમણે ઉમેર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાંજણાવ્યું હતું કે ગુજરાતને લગભગ અઢી દાયકા સુધીશ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ અને માર્ગદર્શન પ્રાપ્ત થયા. સ્થિર અને મજબૂત રાજકીય નેતૃત્વના પરિણામે ગુજરાતે વિકાસનાં નવાં નવાં શિખરોસર કર્યાછે. ગુજરાતનું અર્થતંત્રછેલ્લાં ૨૪ વર્ષમાંતર ગણું વધ્યું છે. દેશના કુલ જીડીપીમાં ગુજરાતની ભાગીદારી ૮.૨ ટકા કરતાં વધારે છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન ૧૭ટકા કરતાંવધારે છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીનોવિકસિત ભારતનો સંકલ્પ હોય કે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ હોય, વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે વિઝન ડોક્યુમેન્ટ ૨૦૪૭ રોડમેપ તૈયાર કરનાર ગુજરાત

દેશનું સૌપ્રથમ રાજ્ય છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ગુજરાતના જીડીપીને ૩.૫ ટ્રિલિયન અમેરિકન ડોલર સુધીલઈ જવાનોધ્યેય રાખ્યો છે.

ગુજરાત પોતાના તમામ નાગરિકોમાટે લિવિંગવેલ અર્નિંગ વેલને પ્રાથમિકતા આપે છે. ગુજરાતમાં લોકોનું સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષછે, જેને આરોગ્ય સેવાઓ થકી ૨૦૪૭ સુધીમાં ૮૪ વર્ષ સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. વડાપ્રધાનશ્રીના સર્વસમાવેશક અને ટકાઉ વિકાસના વિઝનને ચરિતાર્થ કરવા પ્રતિબદ્ધ છે, એવુંતેમણે ઉમેર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રીના વોકલ ફોર લોકલના મંત્રને ધ્યાનમાં રાખીને વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાંઆવીરહ્યું છે. વિકાસ દરેક જિલ્લા સુધી પહોંચાડવા માટે સરકાર કાર્યરત છે. ગુજરાત ફિનટેક, ગ્રીન ગ્રોથ, બાયોટેકનોલોજી, ડ્રોન, સેમિકન્ડક્ટર, એઆઈ વગેરે ન્યૂ એજ સેક્ટરમાં આગળવધવા અને ચિપથીલઈને શિપનાનિર્માણ માટે સજ્જ છે. આવનાર વર્ષોમાં ગુજરાતનાં શહેરોનો સર્વગ્રાહી વિકાસ કરવામાંઆવશે. ગુજરાતનાં શહેરો હોલિસ્ટિક ડેવલપમેન્ટ થકી ગ્રોથહબ બનશે, એવુંતેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય સ્તરે નીતિ આયોગની જેમ જ ગુજરાત ગ્રીટ (GRIT) ની રચના કરી છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાને ૭૫ વર્ષથશે. ગુજરાતનું અમૃત વર્ષ એક માઈલસ્ટોન પુરવાર થશે. ગુજરાતનાવિકાસ માટે ચાર આઈ – ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈનોવેશન, ઈન્ડિવિઝ્યુઅલ્સ અને ઈન્સ્ટિટ્યૂશન્સ આધારિત આયોજન કરવામાંઆવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

નેશનલ ન્યૂઝ ચેનલ રિપબ્લિક ભારત દ્વારા આયોજિત ગૌરવશાળી ગુજરાત કૉક્લેવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિઅને સંબોધન પ્રોત્સાહક બની રહ્યા હતા. આ કૉક્લેવમાં રિપબ્લિક ભારતના સિનિયર એક્ઝિક્યુટિવ એડ્રિટર શ્રી અભિષેક કપૂર, અમ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી સહિતના પદાધિકારીઓ સહિતના મહાનુભાવો અને યુવાનો ઉપસ્થિત રહ્યાહતા.

સંરક્ષણ અને આંતરિક સુરક્ષા માટે સંશોધન, શિક્ષણ, તાલીમ અને ટેકનોલોજી સહાયમાં સહયોગ વધારવા માટે DRDO અને RRU એ MoU પર હસ્તાક્ષર કર્યા

કમલમ્,
સંરક્ષણ સંશોધન અને વિકાસસંગઠન (DRDO) અને રાષ્ટ્રીય રક્ષાયુનિવર્સિટી (RRU) એ સંરક્ષણ અને આંતરિક સુરક્ષા માટેસંશોધન, શિક્ષણ, તાલીમઅને ટેકનોલોજી સપોર્ટના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યાછે. આ MoU પર પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક અને ડિરેક્ટર જનરલ (ઉત્પાદન સંકલન અને સેવાઓ સંપર્ક) ડૉ. ચંદ્રિકા કૌશિક અને RRUના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલ દ્વારા ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાઉથ બ્લોક, નવી દિલ્હી ખાતે સંરક્ષણ મંત્રી શ્રીરાજનાથ સિંહની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં

આવ્યા હતા. આ પ્રસંગે સંરક્ષણ વિભાગના R&D સચિવ અને DRDO નાઅધ્યક્ષ ડૉ.સમીર વી. કામથ પણ હાજર રહ્યા હતા. આ MoUનો ઉદ્દેશ આત્મનિર્ભર ભારતના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ અને અમૃત કાળદરમિયાન રાષ્ટ્રવ્યાપી દ્રષ્ટિકોણને અનુરૂપ, સંરક્ષણ અને આંતરિક સુરક્ષા તકનીકોમાં ભારતનીઆત્મનિર્ભરતાને મજબૂત બનાવવાનો છે. તે રાષ્ટ્રીય સુરક્ષા તૈયારીઓને વધારવાઅને આંતરિક સુરક્ષામાં ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતાને મજબૂતબનાવવા માટે ટેકનોલોજી, જ્ઞાન અને કાર્યકારી આંતરદૃષ્ટિને એકીકૃત કરવાની સહિયારીપ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગૃહ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા સંરક્ષણઅભ્યાસ માટે નોડલ કેન્દ્ર તરીકે નિયુક્ત, આંતરિક સુરક્ષાના ક્ષેત્રમાં મજબૂત શૈક્ષણિક, તાલીમ અને નીતિગત કુશળતાને એકસાથે લાવે છે. દેશની અગ્રણી સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા, DRDO, સશસ્ત્ર દળોઅનેસુરક્ષા એજન્સીઓની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અત્યાધુનિક સ્વદેશી ટેકનોલોજી અને સિસ્ટમ-સ્તરની કુશળતા પૂરી પાડે છે. આ MoU હેઠળ બને સંસ્થાઓ સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ, પીએચડી અને ફેલોશિપકાર્યક્રમો અને સુરક્ષા દળો માટે વિશિષ્ટ તાલીમ અને ક્ષમતા-નિર્માણ કાર્યક્રમો પર સહયોગ કરશે. આ સહયોગમાં ઉભરતા ઓપરેશનલ પડકારો, ટેકનોલોજી ગેપ વિશ્લેષણ, ભવિષ્યની જરૂરિયાતોની આગાહી અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને ગૃહ મંત્રાલય હેઠળની અન્ય એજન્સીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી DRDO-વિકસિત સિસ્ટમોનાજીવનચક્ર વ્યવસ્થાપન પરના અભ્યાસનો પણ સમાવેશ થશે.

શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાના હસ્તે અસારવા ગામમાં ભવ્ય હેરિટેજ ગેટનું ખાતમુહૂર્ત કરાયું

મુખ્યમંત્રીશ્રી દ્વારા ફાળવવામાં આવેલા વિશેષ બજેટથી અસારવામાં ભવ્ય હેરિટેજ ગેટનું નિર્માણ આ વિસ્તારની ઐતિહાસિક ઓળખને વધુ મજબૂત બનાવશેઃ મંત્રીશ્રી દર્શનાબહેન વાઘેલા

કમલમ્,
અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા મધ્ય ઝોનના અસારવા વોર્ડમાં, અસારવા ગામનાં મુખ્ય દ્વારપર નવા તૈયાર કરવામાં આવનાર ભવ્ય હેરિટેજ ગેટનું શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને સાંસદ શ્રીદિનેશભાઈ મકવાણાના હસ્તે ખાતમુહૂર્તકરવાઆવ્યું હતુ. આ પ્રસંગે અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન ઉપસ્થિત રહ્યાહતા. આપ્રસંગેમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યુંહતું કે, મુખ્યમંત્રીશ્રી દ્વારા ગામતળના વિકાસ માટે ફાળવવામાં આવેલા વિશેષ બજેટ અંતર્ગતઆ હેરિટેજ ગેટનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત, વણઉકેલાયેલા પ્રશ્નો જેવા કે, ઓમનગર અંડરબ્રિજનાપ્રશ્ને રેલવે વિભાગ સાથે સફળ વાટાઘાટો કરી કામપૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. આ વિસ્તારની ઐતિહાસિક માતર ભવાનીની વાવ અને દાદા હરિની વાવના પુનઃવિકાસ માટે

અસારવા વિધાનસભાના સ્થાનિક પ્રશ્નોનો ઝડપી ઉકેલ અને પ્રજાની સુખાકારી એ જનપ્રતિનિધિ તરીકેનો અમારો સંકલ્પઃ સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા

નેશનલ ઓથોરિટી સાથે સંકલન સાધીને કામશરૂ કરીદેવામાંઆવ્યું છે. સાથોસાથ અસારવા ચાલી વિસ્તારનીવર્ષો જૂનીડ્રેનેજ લાઈનો બદલવાની કામગીરી પણ ટૂંક સમયમાં હાથ ધરાશે. નવનિર્મિત હેરિટેજ ગેટની જાળવણી અને સ્વચ્છતા રાખવામાટે ગ્રામજનોને તેમણે અપીલ કરી સહકારની અપેક્ષા વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, અસારવા વિધાનસભા વિસ્તારમાં સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે જનપ્રતિનિધિઓસતત કાર્યરત છે, જેમાં અસારવારેલવે સ્ટેશન ખાતે ચમનપુરા બાજુ નવો ગેટ બનાવવાની રજૂઆત તેમના દ્વારા રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ લોકસભામાંકરવામાં આવી છે. આ ઉપરાંત, વિસ્તારના અંડરબ્રિજનીસમસ્યાના નિરાકરણ માટે અધિકારીઓસાથે બેઠક કરી આગામી સપ્તાહમાં સ્થળ મુલાકાતનું આયોજન પણ હાથ ધરાયું છે. અસારવા ગામમાં બની રહેલા હેરિટેજ ગેટની કામગીરી અને કોર્પોરેશન દ્વારા થતા રોડ, ગટર તથા પાણીના પ્રશ્નોના ઝડપી નિકાલ અંગે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યુંહતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ અસારવા વિધાનસભાને સુવિકસિત બનાવવાનાસતત પ્રયાસોથઈ રહ્યા છે. મધ્ય ઝોનમાંપ્રદૂષણ નિવારણ અને માળખાગત સુવિધાઓ જેવી કે પાણી-ડ્રેનેજ લાઈન અને રોડ પેવિંગ માટે કુલરૂ. ૪૫૬ કરોડના કામો મંજૂર કરાયા છે. અસારવા વોર્ડમાં મંગળદાસ હોલ અને વિઠ્ઠલદાસ પટેલ કોમ્યુનિટી સેન્ટરનું નવીનીકરણ તેમજે નવા અર્બન હેલ્થ સેન્ટરનું પણ નિર્માણ થઈરહ્યું છે.

આ ઉપરાંત, અસારવા વિસ્તારમાં અન્ય વિવિધ વિકાસ કામોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ તમામકાર્યોનો ઉદ્દેશ્ય અસારવા વિધાનસભાના નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાનોછે. આપ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, રિક્રિએશન કમિટીના ચેરમેન શ્રી જયેશભાઈ ત્રિવેદી, હેલ્થ કમિટી ચેરમેન શ્રી જશુભાઈ ઠાકોર, મટીરીયલ કમિટીના ચેરમેન શ્રી બળદેવભાઈ, કાઉન્સિલરશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અનેકર્મચારીઓ તથા મોટી સંખ્યામાંનગરજનો ઉપસ્થિત રહ્યાહતા.

અટલ નેતૃત્વ
અવિરત વિકાસ
કિસાન સૂર્યોદય યોજના
ગુજરાતના ૧૯ લાખથી વધુ ખેડૂતોને
મળી રહી છે દિવસે વીજળી
શ્રી નરેન્દ્ર મોદી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
"અન્નદાતાને મહત્તમ સુવિધા આપી તેમને આત્મનિર્ભર બનાવવા સરકાર કટિબદ્ધ છે." - શ્રી કર્મ સંજ્ઞાની,

તંત્રી સ્થાનેથી.....

ગુજરાત સરકારની સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન પોલિસી આજે રાજ્યના વિકાસનું એન્જિન બની રહી છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ માત્ર આર્થિક વૃદ્ધિ જ નહીં, પરંતુ ટેકનોલોજી અને નવતર વિચારોના માધ્યમથી સામાજિક અને પર્યાવરણીય સમસ્યાઓનું ક્રમબદ્ધ નિરાકરણ લાવવાનો છે. જ્યારે કોઈ સ્ટાર્ટ-અપ અથવા ઈનોવેશન પર્યાવરણના જતન અને જીવદયા સાથે જોડાય છે, ત્યારે તે સમાજ માટે આશીર્વાદરૂપ બને છે. સુરેન્દ્રનગર જિલ્લામાં તાજેતરમાં થયેલા 'કાપડની થેલી'ના વેન્ડિંગ મશીન માટેના MOU આ પરિવર્તનનું જીવંત ઉદાહરણ છે. રાજ્ય સરકારની નીતિ અંતર્ગત શાળાઓ અને કોલેજોના સ્તરેથી જ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપી માત્ર નોકરી શોધનારા બનવાને બદલે નોકરી આપનારા એટલે કે 'જોબ ક્રિએટર' બનાવવાનો છે. નવા વિચારોને વ્યાવસાયિક સફળતામાં બદલવા માટે સરકાર દ્વારા આર્થિક સહાય, માર્ગદર્શન અને ઈન્ક્યુબેશન સેન્ટર્સ જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, જેથી કોઈપણ યુવાન પોતાના નવતર વિચારને મૂર્ત સ્વરૂપ આપી શકે. ઈનોવેશન એટલે કે નવતર પ્રયોગો દ્વારા સામાજિક પ્રશ્નોના ઉકેલ પર સરકાર વિશેષ ભાર મૂકે છે ત્યારે, સુરેન્દ્રનગરમાં કાપડની થેલી માટેના વેન્ડિંગ મશીનનો પ્રોજેક્ટ આપ્રકારના 'સોશિયલ ઈનોવેશન'નું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સરકાર દ્વારા આવાપ્રોજેક્ટ્સને આર્થિકસહાય, પેટન્ટ નોંધણીમાં મદદ અને માર્કેટિંગ સપોર્ટ પૂરો પાડવામાંઆવે છે, જેનાથી 'વેસ્ટ-ટુ-વેલ્થ'નીવિભાવના સાર્થક થાય છે. વાઈબ્રન્ટ ગુજરાતરીજનલ કોન્ફરન્સ-૨૦૨૬ ન્યાપ્લેટફોર્મ પર સુરેન્દ્રનગર જિલ્લાએ પર્યાવરણ જાળવણીમાં સ્માર્ટ ટેકનોલોજીના ઉપયોગનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જિલ્લાપ્રભારી મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાંસુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ નવનાત વણિક સમાજ વચ્ચે વેન્ડિંગમશીનો સ્થાપવા માટેના MOU કરવામાં આવ્યાહતા. આમશીનો દ્વારાશહેરના મુખ્ય બજારો અને જાહેર સ્થળો પર અત્યંત નજીવા ટોકન વાજબી કાપડનીથેલીઓનો મળીશકશે. આજના યુગમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક એક ગંભીર સમસ્યા છે. વડોદરાના સફળ મોડલને અનુસરીને સુરેન્દ્રનગરના જાહેર સ્થળો પર વેન્ડિંગ મશીન મુકવાનો નિર્ણય એ શહેરી વિકાસમાં 'સ્માર્ટ ગવર્નન્સ'નો હિસ્સો છે. આમશીનો દ્વારા લોકોની આદતમાં પરિવર્તન આવશેઅને પ્લાસ્ટિક નો વપરાશ આપોઆપઘટશે. આપ્રકારના વેન્ડિંગ મશીનોનું નિર્માણ અને તેની જાળવણી સ્થાનિક સ્તરે રોજગારી અને નવા ઉદ્યોગ સાહસિકો માટે નવીતકો ઊભી કરશે. સરકારની નીતિ મુજબ, આવા ઈનોવેટિવ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપીને સુરેન્દ્રનગર જિલ્લાએ ટકાઉવિકાસતરફ ડગ માંડ્યું છે. આ પ્રોજેક્ટનો સૌથી મહત્વનો અને સંવેદનશીલ પાસું 'જીવદયા' છે. નવનાત વણિક સમાજના ટ્રસ્ટી શ્રી વૈભવ ચોકસીના જણાવ્યા અનુસાર, પ્લાસ્ટિક મુક્ત સુરેન્દ્રનગર એ માત્ર સ્વચ્છતાનું જ નહીં, પણ ગાય અને અબોલપશુઓની રક્ષા માટેનું પણઅભિયાન છે. બજારોમાંફેંકાયેલું પ્લાસ્ટિક અજાણતા ગાયોકે અન્ય પશુઓના પેટમાં જાય છે, જે તેમનામાટે જીવલેણ બને છે.જ્યારે ઈનોવેશન કરુણા અને જીવદયા સાથે જોડાય છે, ત્યારે તે સમાજ માટે આશીર્વાદરૂપ બને છે. આમ, આ MOU દ્વારા સુરેન્દ્રનગર માત્ર સ્વચ્છ જ નહીં, પણ સંવેદનશીલ શહેર તરીકે પણ સ્થાપિત થશે. આ MOU દર્શાવેછે કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ હવે માત્ર મોટા ઉદ્યોગો પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તે છેવાડાના માનવીના જીવન ધોરણને સુધારવા અને પર્યાવરણના પ્રશ્નોને હલ કરવાનું એક સબળ પ્લેટફોર્મ બની ગઈ છે. સ્ટાર્ટ-અપઅને ઈનોવેશનનીથીમ પરઆયોજિત આઅભિગમ આગામી સમયમાં સુરેન્દ્રન ગરને રાજ્યના સૌથી સ્વચ્છ અને પર્યાવરણપ્રેમી જિલ્લાઓની હરોળમાં મૂકશે.

ઉપરાષ્ટ્રપતિએ ઈન્ડિયન ડિફેન્સ એકાઉન્ટ્સ સર્વિસના ઓફિસર ટ્રેઈનીને સંબોધિત કર્યા

કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન આજે ઉપરાષ્ટ્રપતિએનક્લેવખાતે ઇન્ડિયન ડિફેન્સ એકાઉન્ટ્સ સર્વિસ (IDAS) ની ૨૦૨૩ અને ૨૦૨૪ બેચના ઓફિસર ટ્રેઈનીઓને સંબોધિત કર્યા હતા. ઓફિસર ટ્રેઈનીઓનું સ્વાગત કરતા ઉપરાષ્ટ્રપતિએગર્વ સ્થેધનોંધ્યું હતું કે સંરક્ષણ એ કાઉન્ટ્સ વિભાગ ૨૦૫ વર્ષથી વધુનો સમૃદ્ધ વારસો ધરાવેછે, જે તેને ભારત સરકારના સૌથી જૂના વિભાગોમાંનો એક બનાવે છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે જેમ-જેમ રાષ્ટ્ર ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે, તેમ સિવિલ સર્વન્ટ્સ આ વિઝનને હકીકતમાં બદલવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે એમત કાલે દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલી હાકલને યાદ કરી અને ભારપૂર્વક જણાવ્યું કે વિકાસ સર્વસમાવેશક વૃદ્ધિઅને છેવાડાના માનવી સુધી સુવિધા પહોંચાડવા (last-mile delivery) પર કેન્દ્રિત હોવોજોઈએ. તેમણેકહ્યું કે રાષ્ટ્ર નિર્માણમાં યુવા અધિકારીઓની ઉર્જા અને નવીન વિચારસરણી મહત્વપૂર્ણરહેશે અને તેમને "સેવા ભાવ અને કર્તવ્ય બોધ"ને તેમના માર્ગદર્શક મંત્ર તરીકે અપનાવવા વિનંતી કરી. ઈન્ડિયન ડિફેન્સ એકાઉન્ટ્સ સર્વિસના મહત્વ પર ભાર મૂકતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે આ સેવા ભારતીયસશસ્ત્ર દળોઅને સંલગ્ન સંસ્થાઓના નાણાકીય સ્સ્તાધનોના સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવેછે.

સંરક્ષણ સેવકોના હિસાબી અને નાણાકીય સત્તાધિકારી તરીકે, તેમણે કહ્યું કે, અધિકારીઓએ તેમની ફરજો બજાવતી વખતે સશસ્ત્ર દળોદ્વારા સામનો કરવામાં આવતા પડકારોને સમજવા અને આત્મસાત કરવા જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સશસ્ત્ર દળોની ઓપરેશનલ સજ્જતા સુનિશ્ચિત કરવા માટે સમજદારીભર્યું નાણાકીય સંચાલન આવશ્યક છે.

ઉપરાષ્ટ્રપતિએ અખંડિતતા, પારદર્શિતા, તકેદારી અને જવાબદારીના ઉચ્ચતમ ધોરણો જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને કારણ કે જાહેર નાણાંએ ક્રદાતાઓનું સખત પરિશ્રમનું યોગદાન છે. ઉપરાષ્ટ્રપતિએ ઝડપીતકનીકીઅને વૈજ્ઞાનિક પ્રગતિના યુગમાં સતત ક્ષમતા નિર્માણના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે અધિકારીઓને આજીવન શિક્ષણ માટે 'iGOT કર્મયોગી' જેવા પ્લેટફોર્મનો અસરકારક ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા. જાહેર સેવામાં મૂલ્યો પર ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે જ્ઞાન આવશ્યક છે, પરંતુ ચારિત્ર્ય સર્વોપરી છે.

તેમણે અધિકારીઓને યાદ અપાવ્યું કે ભારતના ૧૪૦ કરોડ નાગરિકોમાં તેમને સમાજ માં સકારાત્મક પરિવર્તન લાવવાની દુર્લભ તકસોંપવામાં આવીછે અને તેમણે આ જવાબદારીનમ્રતા અને સમર્પણ સાથે નિભાવવી જોઈએ. વિકસિત ભારત તરફની મુસાફરીમાં સિવિલ સર્વન્ટ્સ પાસેથી અપેક્ષાઓ અંગે ઓફિસર ટ્રેઈનીના પ્રશ્નના જવાબમાં ઉપરાષ્ટ્રપતિએ તેમને નવીન રહેવા, આધુનિક ટેકનોલોજીને અનુકૂળ થવા, તેમના કાર્યમાં ઉત્સાહી રહેવા, અભિગમમાં સહાનુભૂતિ રાખવા અને વહીવટમાં નૈતિક રહેવાવિનંતી કરી. આ કાર્યક્રમમાં સંરક્ષણ સચિવ શ્રી રાજેશ કુમાર સિંહ; કંટ્રોલર જનરલઓફ ક્રિસ્સ એકાઉન્ટ્સ શ્રી વિશ્વજીત સહાય; નાણાકીય સલાહકાર (સંરક્ષણ સેવાઓ) શ્રી રાજ કુમાર અરોરા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાહતા.

મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ (MDNIY) એ વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરી, તણાવ વ્યવસ્થાપનમાં ધ્યાનની વૈજ્ઞાાનિક ભૂમિકા પર ભાર મૂક્યો

ધ્યાન એ તણાવ વ્યવસ્થાપન અને ન્યુરોપ્લાસ્ટિસિટી માટેનું વૈજ્ઞાનિક સાધન છેઃ MDNIY ના નિષ્ણાતો

કમલમ્,

આયુષ મંત્રાલય હેઠળની મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ (MDNIY) એ આજે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણીના ભાગરૂપે વિશેષ ધ્યાન સત્રોનું આયોજનકર્યું હતું, જેમાં પ્રતિષ્ઠિત વિદ્વાનો, યોગ સાધકો અને ઉત્સાહીઓ એકઠા થયા હતા. આ કાર્યક્રમે તણાવના વધતા જતા વૈશ્વિકબોજને ઉકેલવામાટે પ્રાચીન યૌગિક જ્ઞાન અનેઆધુનિક તબીબી વિજ્ઞાનના સંગમ પર ભાર મૂક્યો હતો. સ્મારકસંબોધન MDNIY નાડાયરેક્ટર પ્રો. (ડો.) કાશીનાથ સામંતાંડીએ આજના સ્પર્ધાત્મક વિશ્વમાં ધ્યાનની તબીબી પ્રાસંગિકતાપર પ્રકાશપાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કેલગભગ ૬૦–૭૦ ટકા તણાવ વ્યવસાયિક પ્રકૃતિનો હોય છે અને પતંજલિ યોગસૂત્રમાં સૂચવવામાં આવેલી તકનીકો દ્વારા શરીર અને મનને સંકલિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સમકાલીન સંશોધનોનો ઉલ્લેખ કરતા તેમણે સમજાવ્યું કે ન્યુરોઇમેજિંગ અભ્યાસો દર્શાવે છે કે ઓમ (Om) નોજાપ પ્રીફ્રન્ટલ કોર્ટેક્સને સક્રિય કરીને એમીગડાલા (amygdala) —જેમગજમાં ડર અને નકારાત્મક લાગણીઓનું કેન્દ્ર છે —તેની પ્રવૃત્તિ ઘટાડે છે, જે ભાવનાત્મક પ્રતિભાવોનું નિયમન કરે છે. એક fMRI અભ્યાસે દર્શાવ્યું છે કે આરામની સ્થિતિની તુલનામાં માંટથી ઓમ જાપ કરવાદરમિયાન એમીગડાલા નોંધપાત્ર રીતે નિષ્ક્રિય થાય છે. તેમણે ઓલ્ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS), નવીદિલ્હીના તારણો ટાંક્યા હતા, જે સૂચવે છે કે યોગ નિદ્રા ગહન આરામ અને ભાવનાત્મક નિયમન સાથે સંકળાયેલ મગજનીપ્રવૃત્તિમાં માપી શકાય તેવા ફેરફારો લાવે છે, જેનાથી તણાવ અને પ્રણાલીગત બળતરા(systemic inflammation) ઘટે છે. ધ્યાનની આધ્યાત્મિકપરંપરાનું પ્રતિનિધિત્વ કરતા રામકૃષ્ણ મિશન, નવી દિલ્હીના સ્વામી મુક્તિ મયાનંદે સહભાગીઓને કાયમી શાંતિ માટે અંતર્મુખ થવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે માનસિક તણાવને શાંત કરવાની શરૂઆત સ્વ-સમજણ અને વ્યક્તિનાસાચા સ્વભાવ —સતુચિત આનંદ સ્વરૂપ —જે પ્રેમ અને કરુણામાં સમાયેલ છે, તેની ઓળખ સાથે થાય છે. તેમણે આંતરિક સંવાદિતાને ખલેલ પહોંચાડતા અહંકાર, ઈર્ષ્યા અને અધૂરી ઈચ્છાઓ પર વિજય મેળવવા માટે યમ અને નિયમના પાલન પર પણ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ ધ્યાન તકનીકોનું વ્યવહારિક નિદર્શન કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય સહભાગીઓને માનસિક અને ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા વધારવા માટે અસરકારક સાધનોથી સજ્જ કરવાનો હતો. કાર્યક્રમનું સમાપન "સ્વસ્થ મન, સ્વસ્થ ભારત" ના વિઝનને પ્રોત્સાહન આપવા માટે રોજિંદા જીવનમાં ધ્યાનનો સમાવેશ કરવાના સામૂહિક સંકલ્પ સાથે થયુંહતું. આ કાર્યક્રમમાં વિશ્વાસ મેડિટેશન, નવી દિલ્હીના શ્રી અતુલ ચાવલા; ડો. આઈ. એન. ઓચાર્ય, પ્રોગ્રામ ઓફિસર, MDNIY; અને મોહમ્મદ તૈયબ આલમ, કોમ્યુનિકેશન એન્ડ ડોક્યુમેન્ટેશન ઓફિસર, MDNIY ઉપસ્થિત રહ્યા હતા. યોગ ઉત્સાહીઓ, વિદ્યાર્થીઓ, કેન્દ્રીય સંસ્થાઓ અને વિવિધ વિભાગોના અધિકારીઓ સહિત અંદાજે ૭૦૦ સહભાગીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધોહતો. અત્રેનોંધનીય છે કે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ગયા વર્ષે ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે જાહેર કર્યા હતો, જે દરેક વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના ઉચ્ચતમ પ્રાપ્ય ધોરણનો આનંદ માણવાના અધિકારને પુષ્ટિઆપેછે.આ પહેલ સ્વસ્થ સમાજ માટે આધુનિક જીવનશૈલી સાથે પરંપરાગત ભારતીય જ્ઞાનને એકીકૃત કરવાના આયુષ મંત્રાલય ના ચાલુ પ્રયાસો સાથે સુસંગત છે.

પોરબંદર લોકસભા સાંસદ ખેલ મહોત્સવનો સાંસદ ફિનાલે જૂનાગઢ ખાતે તા.૨૫ ડિસેમ્બરે યોજાશે

કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય સમાપન સમારોહ યોજાશે

કમલમ્,જૂનાગઢ,

પોરબંદર લોકસભા સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નો સાંસદ ફિનાલે જૂનાગઢમાં સરદાર પટેલ રમત સંકુલ ખાતે તા.૨૫ ડિસેમ્બરના રોજ યોજાશે.આ તકે કેન્દ્રીય રમત ગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્રક્ષાના પ્રતિષ્ઠિત ખેલાડીઓ આકાર્યક્રમમાં ઉપસ્થિત રહી ખેલાડીઓ સાથે સંવાદ કરશે. ઉપરાંત ફિટ ઈન્ડિયા કોન્સેપ્ટ સમિતિદ્વારા ખેલાડીઓને ફીટનેસ બાબતે જાગૃત કરવામાં આવશે. ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ માંદીના લાઈવ પ્રસારણ ના માધ્યમથી સાંસદ ફિનાલેના ખેલાડીઓ સાથે સંવાદ કરશે. સાંસદ ખેલ મહોત્સવમાં તા.૧૪/૧૨/૨૦૨૫ થી ૨૫/૧૨/૨૦૨૫ દરમિયાન તાલુકા ક્રક્ષાએ, વિધાનસભા ક્રક્ષાની બાદ સાંસદ ફિનાલેનો સમાવેશ કરી સાંસદ ખેલ મહોત્સવ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમા જુદી જુદી ૪ વયજૂથમાં ૮ જેટલી પ્રાદેશિક ક્રક્ષાએ લોકપ્રિય રમત સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાહાલ તાલુકા અને વિધાનસભા ક્રક્ષાની સ્પર્ધાઓ સંપન્ન થયેલ છે. અંતિમ પડાવમાં યોજાનાર સાંસદ ફીનાલેમાં ૭ વિધાનસભાઓના વિજેતા ખેલાડીઓ અને ટીમો વચ્ચે જુદી-જુદી ૭ સ્પર્ધાઓ ૪ વય જૂથમાં ૨૦૦૦ જેટલાખેલાડીઓ ક્ષઈનલ રમશે. વધુ પોઈન્ટ મેળવનાર વિધાનસભાને જનરલ ચેમ્પિયનશીપ જાહેર કરાશે. ઉપરાંત વિજેતાખેલાડીઓને મેડલ, ટ્રોફી અને ટ્રેકશૂટથી સન્માનિત કરાશે. આ રીતે જૂનાગઢ જિલ્લા ખાતે ૧૧-પોરબંદર લોકસભા વિસ્તારનોભવ્યાતિભવ્ય સમાપન સમારોહ યોજાશે.

શાહીબાગમાં શ્રી રાણી શકિત સેવા સમિતિ ખાતે ૧૫૦ દિવ્યાંગોને વ્હીલચેર અર્પણ કાર્યક્રમ યોજાયો

કમલમ્,

માનવ સેવાઅને સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં એક ભવ્ય વ્હીલચેર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા દ્વારા આયોજિત આ સેવા કાર્ય અંતર્ગત ૧૫૦ જેટલા જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રીરાણી શક્તિ સેવા સમિતિ, શાહીબાગ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં રાજ્ય ક્રક્ષાના મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં દિવ્યાંગો પ્રત્યેની સંવેદનશીલતાવ્યક્ત કરીહતીઅને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિવ્યાંગજનોના સશક્તીકરણ માટે કરવામાં આવી રહેલા અભૂતપૂર્વ સેવા કાર્યોની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી. દિવ્યાંગજનોને પગભર અને ગતિશીલ બનાવવા માટે આ કાર્યક્રમ થકી એક નાનકડો પ્રયાસ કરવામાંઆવ્યો છે, તેમસાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું. આ અવસરે ધારાસભ્યશ્રી અમિતભાઈ શાહ,શ્રી કોર્પોરેટરભાઈ જૈન,શ્રી અમૂલભાઈભક્ત, ઉપ્તાત શાહીબાગ અને અસારવા વોર્ડના કાઉન્સિલરશ્રીઓ અને શ્રી રાણી શકિત સેવા સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિતરહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે NAREDCO-ગુજરાત દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લીધી

નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટમાં અમદાવાદ-ગાંધીનગરના ૪૦થી વધુ રિયલ એસ્ટેટ ગ્રૂપ જોડાયા

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઓગણજ ખાતે નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ, ગુજરાત (NAREDCO) દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લીધી હતી કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ની યજમાની અમદાવાદ-ગુજરાતને મળી છે, ત્યારે આપ્રાં આયોજનો રિયલ એસ્ટેટ ક્ષેત્રે સમાંતર માળખાગત વિકાસનાં નવાં આયામો સર્જશે. ખાસ કરીને, ગુજરાતમાં ગિફ્ટ સિટી, ધોલેરા SIR અને મેટ્રો રેલ જેવા પ્રોજેક્ટ્સને કારણે રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. ત્યારે 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'ના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર પણ મહત્ત્વનું સાબિત થશે. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ પ્રોપર્ટી ફેસ્ટમાં વિવિધ રિયલ એસ્ટેટ ગ્રૂપના સ્ટોલ્સની મુલાકાત લઈ, આધુનિક બાંધકામ અને શહેરી વિકાસના પ્રોજેક્ટ્સની ઝીણવટભરી માહિતી પણ મેળવી હતી. NAREDCO ગુજરાત દ્વારા આયોજિત આ ત્રિ-દિવસીય પ્રોપર્ટી ફેસ્ટનો તા.૧૯થી પ્રારંભ થયો છે અને ૪૧ જેટલા રિયલ એસ્ટેટ ગ્રૂપ દ્વારા સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ ત્રણ દિવસ દરમિયાન રોકાણકારો, ઘર ખરીદનારાઓ અને પ્રોપર્ટીમાં રસધરાવનારા અનેક લોકોએ આ ફેસ્ટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે NAREDCO ગુજરાતના ચેરમેન સુકેશ પટેલ, પ્રેસિડેન્ટ યોગેશ ભક્સાર, સેક્રેટરી દીપક પટેલ સહિતના હોદ્દેદારો તેમજ રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો અને મુલાકાતીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની સાંસ્કૃતિક ભાવનાને પ્રતિબિંબિત કરતી અતિ આધુનિક અને આત્મનિર્ભર ભારતના પ્રતીક સમી ટ્રેનનું સ્વાગત કોલકાતા સ્થિત ટિટાગઢ રેલ સિસ્ટમ્સ પ્લાન્ટમાં કર્યું

શ્રેષ્ઠ શ્રેણીની ફાયર સેફ્ટી સહિત અન્ય સુરક્ષા સુવિધાઓ તથા ગ્રેડ ઓફ ઓટોમેશન 4 (GOA4) હેઠળ સંપૂર્ણ ઓટોમેટેડ - ડ્રાઇવરલેસ ટ્રેન તરીકે કાર્ય કરવાની ક્ષમતા આ મેટ્રો ટ્રેન ધરાવે છે

કમલમ્

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેરને તેની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત 'મેક ઈન ઈન્ડિયા'મેટ્રો ટ્રેનની ભેટ શનિવારે આપીહતી. કલકત્તાનજીક ટિટાગઢ રેલ સિસ્ટમ્સનાઆધુનિક પ્લાન્ટની મુલાકાત લઈને મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મેટ્રો રેલ માટેના કોચીસનું લોન્ચિંગ કર્યું હતું. વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ''મેક ઈનઈન્ડિયા'' અને આત્મનિર્ભર ભારતને વેગ આપતું આમહત્વપૂર્ણ કદમ ગુજરાત માટે ગૌરવરૂપ છે એમ તેમણે જણાવ્યું હતું.

ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા તેના ફેસેલિટી પ્લાન્ટમાં આટ્રેન મેકઈન ઈન્ડિયા અંતર્ગત સ્વદેશી રીતે બનાવવામાં આવી રહીછે. આધુનિક મેટ્રો અને મુસાફર કોચના ઉત્પાદન માટે સક્ષમ આ પ્લાન્ટ અદ્યતન અને આધુનિક તકનીક તથા સાધનસામગ્રી સાથે સ્થાપિત કરવામાંઆવેલો છે.

ટિટાગઢ પ્લાન્ટમાં દેશના અનેક રાજ્યોના લોકો કાર્યરત છે તેપણ એકભારત-શ્રેષ્ઠ ભારતનો વડાપ્રધાનશ્રીનો મંત્ર ચરિતાર્થ કરે છે તેમાટે પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા હતા. અમદાવાદને મળી રહેલીઆ મેટ્રો ટ્રેન શહેરમાં મેટ્રો રેલ વ્યવસ્થાની વધતી માંગ અને લોકપ્રિયતાને પહોંચી વળવા સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સને સુગમ બનાવશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (GMRCL) એકોલકાતા સ્થિત ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડને ૧૦ ટ્રેનોનોઓર્ડર આપ્યોછે. આ ટ્રેન ફેઝ-૨ના ૨૧ કિ.મી.નું કાર્ય પૂર્ણ થતાં અને બાકીનો ભાગ ટૂંક સમય માં કાર્યરત થવાથી ઊભી થનારી વધારાની ટ્રેનોની જરૂરિયાતને પહોંચી વળશે. અમદાવાદ મેટ્રો અત્યારે દરરોજ ૧.૬ લાખથી વધુ મુસાફરોને સેવા આપે છે અને તેમાં વાર્ષિક ૩૦–૪૦%ની વૃદ્ધિ થઈ રહી છે. આવનારા દિવસોમાં મેટ્રો રેલ સેવાનો આ દાયરો વધારીને સુરતમાં પણ મેટ્રો કાર્યરત થવાની છેએમ શ્રીભૂપેન્દ્ર પટેલ ઉમેર્યું હતું. ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલથી બનેલી આ મેક ઈન ઈન્ડિયા ટ્રેનોમાં રંગો અને ડિઝાઈનનો જે વિશેષ સ્પર્શ આપવામાં આવ્યો છે તે અમદાવાદની સંસ્કૃતિ અને પરંપરાને પ્રતિબિંબિત કરે છે. મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમેટ્રો રેલમાટે સ્વીકારેલી પ્રથમ મેક ઈન ઈન્ડિયા મેટ્રો ટ્રેન અંતિમ પરીક્ષણો પછીતથા સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મળ્યા બાદ થોડા જ દિવસોમાં અમદાવાદ પહોંચાડવામાં આવશે. ત્યારબાદ મુસાફરોની સેવામાં મૂકવામાં આવશે. એટલું જ નહિ, અમદાવાદ માટે બાકી રહેલી ૯ ટ્રેનો પણ ટિટાગઢ દ્વારા આગામી ૫–૬ મહિનામાં તબક્કાવાર પૂરી પાડવામાંઆવશે. વૈશ્વિક સ્તરે લાગુ પડતા તાજેતરના આંતરરાષ્ટ્રીય ધોરણો સાથેસુસંગત આમેક ઈન ઈન્ડિયાટ્રેન ગુજરાતમાટે ગૌરવરૂપ બનશે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી એવા વિઝનરી લીડર છે કે, તેઓ દરેક કામમાં ભવિષ્ય લક્ષી આયોજન અને નાનામાં નાના માનવીના ભલાનો વિચાર કરીને જ આગળ વધેછે. તેમના દિશાદર્શનમાંદેશના વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટની જે મહત્વપૂર્ણ ભૂમિકા છે તેની વિગતો આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પાછલા વર્ષોમાં દેશમાં રેકોર્ડ બ્રેક ગતિએ સડક નિર્માણ થયું છે. એરપોર્ટની સંખ્યા બમણી થઈ છે અને મેક ઈન ઈન્ડિયા સેમી હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેનથી રેપીડ ટ્રાન્ઝિસ્ટને નવી દિશા મળી છે. ૨૦૧૪માં મેટ્રો નેટવર્ક ૨૪૮ કિલોમીટર હતું તે ૨૦૨૫માં વધીને ૧૦૧૩ કિલોમીટર થયું છે. મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મેટ્રો ટ્રેનના કોચિસના વિશેષ લક્ષણોની તલસ્પર્શી જાણકારી કોચ નિરીક્ષણ અને પ્લાન્ટના વરિષ્ઠ ઈજનેરો સાથેની ચર્ચા દ્વારા મેળવી હતી. આ મેટ્રો ટ્રેન શ્રેષ્ઠ શ્રેણીની ફાયર સેફ્ટી સહિત અન્ય સુરક્ષાસુવિધાઓ તથા ગ્રેડ ઓફ ઓટોમેશન 4 (GOA4) હેઠળ સંપૂર્ણ ઓટોમેટેડ, ડ્રાઈવરલેસટ્રેન તરીકે કાર્ય કરવાની ક્ષમતાધરાવે છે તેમ તેમને ટિટાગઢ રેલ સિસ્ટમ્સના ઈજનેરોએજણાવ્યું હતું આ પ્રસંગે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ. હસમુખઅઢીયા, મુખ્યમંત્રીના સલાહકાર અને ગુજરાતમેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એસ. એસ. રાઠૌર, ટિટાગઢ રેલ સિસ્ટમ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉમેશ ચૌધરી તેમજ ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન અને ટિટાગઢ રેલ સિસ્ટમ્સના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટિટાગઢ રેલ સિસ્ટમ્સ નેક્સ્ટ જનરેશન વંદે ભારતસ્લીપર ટ્રેનો અને પુણે, બેંગલુરુ, મુંબઈ, સુરત તથાઅમદાવાદ જેવાઅનેક શહેરો માટે મેટ્રો ટ્રેનોના ઉત્પાદન સાથે સંકળાયેલીછે.

ભારતના મહત્ત્વાકાંક્ષી હાઈ-સ્પીડકાર્યક્રમ માટે ભવિષ્યમાં ઉચ્ચ ગતિની ટ્રેનો બનાવવાની ક્ષમતા વિકસાવવા માટે પણ સુવિધાઓનું વિકાસ કાર્ય આ પ્લાન્ટમાં હાથધરવામાં આવ્યું છે. એટલું જ નહિ, કંપની ભારતની સૌથી મોટી વેગન ઉત્પાદક છે તેમજ નૌસેના અને અન્ય વિશેષ ઉપયોગો માટે જહાજોનું ઉત્પાદન પણકરે છે.

આંતરિક શાંતિ અને સામાજિક સુમેળ માટે ધ્યાન જરૂરી છે: ઉપરાષ્ટ્રપતિ

કમલમ્

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી.પી. રાધાકૃષ્ણને આજે તેલંગાણાના કાન્હાશાંતિવનમ ખાતેવિશ્વ ધ્યાન દિવસનીઉજવણીમાં ભાગલીધો હતોઅને આંતરિક શાંતિ, ભાવનાત્મક સુખાકારી અને સામાજિક સુમેળને પ્રોત્સાહન આપવા માટે ધ્યાનના હંમેશા સુસંગત મહત્વ પર ભાર મૂક્યો હતો. સભાને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ધ્યાન એક સાર્વત્રિક પ્રથાછે જે સાંસ્કૃતિક, ભૌગોલિક અને ધાર્મિક સીમાઓથી આગળ વધે છે. તેમણે તેને માનસિક સ્પષ્ટતા, ભાવનાત્મક સ્થિરતાઅને આંતરિક પરિવર્તનનો માર્ગ ગણાવ્યો અને કહ્યું કે વિશ્વ ધ્યાન દિવસ આધુનિક જીવનમાં તેના વધતામહત્વને ઓળખવાની તક પૂરી પાડે છે. ઉપરાષ્ટ્રપતિએ ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસતરીકે જાહેર કરવાના સંયુક્તરાષ્ટ્ર મહાસભાના ઠરાવને સહ-પ્રાયોજિત કરવામાંભારતની ભૂમિકાને યાદ કરી તેને માનસિક સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ધ્યાનની શક્તિની વૈશ્વિક માન્યતા ગણાવી હતી. તેમણે વૈશ્વિક સ્તરે ધ્યાનની પ્રથા ફેલાવવામાં દાજીના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ભારત, ધ્યાન, યોગ અને આધ્યાત્મિક શોધની સદીઓ જૂની પરંપરાઓ સાથે, વિશ્વને કાયમી જ્ઞાન પ્રદાન કરવાનું ચાલુ રાખે છે. મિશન લાઈફના વિઝનનો ઉલ્લેખ કરતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ધ્યાન સભાનતા, જવાબદારી અને પ્રકૃતિસાથે સુમેળજેવા મૂલ્યોનેપ્રોત્સાહન આપે છે જે ટકાઉજીવન માટેજરૂરી છે. તેમણે પર્યાવરણીય રીતે જવાબદાર પ્રથાઓ અપનાવવા અને સર્વાંગી સુખાકારીને પ્રોત્સાહન આપવા બદલ કાન્હા શાંતિ વનમની પ્રશંસા કરીહતી. નાગરિકોને તેમના રોજિંદા જીવનમાં ધ્યાનનો સમાવેશ કરવા હાકલ કરતા શ્રી રાધાકૃષ્ણને વ્યક્તિઓ, પરિવારો અનેસમુદાયોને એક ઉદાહરણ સ્થાપિત કરવા અને ભવિષ્યની પેઢીઓને માનસિક શાંતિ, સંતુલન અને સુમેળને પ્રોત્સાહન આપતી પ્રથાઓ અપનાવવાપ્રોત્સાહિત કરવા વિનંતી કરીહતી. તેલંગાણાના રાજ્યપાલ શ્રી જિષ્ણુદેવ વર્મા; તેલંગાણા સરકારના મંત્રી શ્રી ડી. શ્રીધર બાબુ; અને હાર્ટફુલનેસ મેડિટેશનના આધ્યાત્મિક ગુરુ દાજી કમલેશ ડી. પટેલ અને અન્ય મહાનુભાવો, તેમજ કાન્હા શાંતિ વનમ ખાતે ધ્યાન સત્રોમાં હાજરી આપનારાહજારો લોકોઆ કાર્યક્રમમાંઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન ઈન્દોરમાં શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મ શતાબ્દી ઉજવણીમાં સહભાગી થયા

ઉપરાષ્ટ્રપતિએ અટલ બિહારી વાજપેયીને આધુનિક, આત્મવિશ્વાસુ ભારતના શિલ્પી તરીકે બિરદાવ્યા.

શ્રી અટલ બિહારી વાજપેયી જેવી ગરિમા અને સૌમ્યતા સાથે જાહેર વિમર્શને ઉચ્ચ સ્તરે લઈ ગયાઃ ઉપરાષ્ટ્રપતિ

કમલમ્

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી.રાધાકૃષ્ણન મધ્ય પ્રદેશના ઈન્દોરમાં ભારત રત્ન અટલ બિહારી વાજપેયીનીજન્મ શતાબ્દી ઉજવણીમાં સહભાગી થયા હતા. આ કાર્યક્રમનું આયોજન અટલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. તમિલ ક્લાસિક તિરુક્કુરલની એક પંક્તિને યાદ કરતાં ઉપરાષ્ટ્રપતિએકહ્યું કેજ્યારે તમામ મનુષ્યો જન્મથી સમાન હોય છે, ત્યારે મહાનતા વ્યક્તિના કાર્યો દ્વારા પ્રાપ્ત થાય છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે શ્રી અટલ બિહારી વાજપેયી કોઈ સામાન્ય વ્યક્તિનહોતા પરંતુ પોતે એક મિશન હતા, જેઓ હંમેશા સિદ્ધાંતોઅને મૂલ્યોપ્રત્યેની તેમની પ્રતિબદ્ધતામાં "અટલ" રહ્યા હતા. તેમણે અવલોકન કર્યું કે શ્રી અટલ બિહારી વાજપેયીને એક રાજનેતા, વહીવટકર્તા, સંસદસભ્ય, કવિઅને સૌથી ઉપર એક મહાન વ્યક્તિ તરીકેના તેમના અનુકરણીય કાર્યો માટે યાદ કરવામાં આવે છે અને સન્માનિત કરવામાં આવે છે. ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે શ્રી વાજપેયી સંવાદ, સર્વસમાવેશક વિકાસઅને મજબૂતછતાં માનવીય શાસનમાં ઊંડો વિશ્વાસ ધરાવતા હતા. તેમણે કહ્યું કે શ્રી અટલજીએ ગરિમા અને સૌમ્યતા સાથે જાહેર વિમર્શને ઉચ્ચ સ્તરે પહોંચાડ્યો અને દર્શાવ્યું કે રાજકારણ સૈદ્ધાંતિક અને કરુણાપૂર્ણ હોઈશકે છે. તેમણે ઉમેર્યું હતું કે આથી જ શ્રી વાજપેયીની જન્મજયંતીને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વ્યક્તિગત સંસ્મરણો શેર કરતા ઉપરાષ્ટ્રપતિએ યાદ કર્યું કે શ્રી વાજપેયી હંમેશાસંસદ સભ્યો માટે સુલભ હતાઅને તમામ ક્ષેત્રોમાંથી રાષ્ટ્ર નિર્માણ માટેના સૂચનો માટે તૈયાર રહેતા હતા. તેમણે શ્રી વાજપેયીના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ઝારખંડ, છત્તીસગઢ અને ઉત્તરાખંડ રાજ્યોની રચનાનો ઉલ્લેખ કર્યો અને તેને શાસન અને વહીવટમાં સુધારો લાવવા માટેનું એક દૂરંદેશી પગલું ગણાવ્યું હતું. રાષ્ટ્ર નિર્માતા તરીકે શ્રી વાજપેયીના પ્રદાનને રેખાંકિત કરતા ઉપરાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રીગ્રામ સડકયોજનાઅને સુવર્ણ ચતુર્ભુજ (Golden Quadrilateral) પ્રોજેક્ટ જેવી સીમાચિહ્નરૂપ પહેલો ટાંકી હતી. ૧૯૯૮ના પોખરણ પરમાણુ પરીક્ષણોનો ઉલ્લેખ કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે શ્રી વાજપેયીના નેતૃત્વએ ભારતને એક આત્મવિશ્વાસુ અને આત્મનિર્ભર રાષ્ટ્રતરીકે મજબૂતીથીસ્થાપિત કર્યું હતું. તેમણે જણાવ્યું કે શ્રી વાજપેયીનું વિઝન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આગળ વધારવામાં આવી રહ્યું છે, જેઓ રાષ્ટ્રને વિકસિતભારત જ૨૦૪૭ ના લક્ષ્ય તરફ દોરી રહ્યા છે. ઉપરાષ્ટ્રપતિએ શ્રી વાજપેયીના તમિલનાડુ સાથેના ઊંડા જોડાણને પણ યાદ કર્યું, તેમની ભાષાકીય વિવિધતા, સાંસ્કૃતિક બહુવિધતા અને સંવાદ પ્રત્યેના આદરની નોંધ લીધી, જેના કારણે તેમણે રાજકીય અનેવૈચારિક રેખાઓથીપર રહીને પ્રશંસા મેળવી હતી. શ્રી અટલ બિહારી વાજપેયીને એક વિરાટ વ્યક્તિત્વ તરીકે વર્ણવતા જેમણે અખંડિતતા, બુદ્ધિઅને લોકતાંત્રિક મૂલ્યો પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા સાથે આધુનિક ભારતને આકાર આપ્યો, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેમનું જીવન રાષ્ટ્રને યાદ અપાવે છે કે નેતૃત્વ માત્ર સત્તા વિશે નથી, પરંતુ સેવા, જવાબદારી અને લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતા વિશેછે. ઉપરાષ્ટ્રપતિએ ડેલી કોલેજ પરિસરમાં દેવી અહિલ્યાબાઈ હોલકરની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ અહિલ્યાબાઈ હોલકરની પ્રતિમાના ઉદ્ઘાટનનો ભાગબનીને સન્માનિત અનુભવે છે, તેમણે તેમને એક દૂરંદેશી શાસક ગણાવ્યા જેમણે નિઃસ્વાર્થપણે પોતાનું જીવન લોકોના કલ્યાણ અને સમૃદ્ધિ માટે સમર્પિત કર્યું હતું. તેમણે ઈન્દોરને સતત દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે સ્થાન મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેને સામૂહિક નાગરિક જવાબદારીનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. મધ્ય પ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રીડૉ. મોહન યાદવઅન્ય મહાનુભાવોસાથે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં સમયાનુકૂળ પરિવર્તન કરી વિકાસની કડીમાં સહભાગી બનાવવો છે – કૃષિ અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

કમલમ્

મત્સ્યોદ્યોગ ભારતના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ ક્ષેત્રનો પૂર્ણ કક્ષાએ વિકાસ કરી કઈ રીતે ભારતની જી.ડી.પી.માં તેમનો હિસ્સો વધારી શકાય તે અંગેનું મનોમંથન કરવા માટે સોમનાથ ખાતે 'ગુજરાતના મત્સ્યોદ્યોગક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ'વિષય પર રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મત્સ્યોદ્યોગને ટકાઉ અને સર્વસમાવેશક બનાવવા માટે સંશોધન અને ટેકનોલોજીના સમન્વય સાથે પ્રોત્સાહન આપવા ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન અને મત્સ્યોદ્યોગ વિભાગના સંયુક્ત ઉપક્રમે સોમનાથ ખાતે આવેલા સાગરદર્શન અતિથીગૃહ ખાતેએક સેમિનારનુંઆયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અવસરે જણાવ્યું હતુંકે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદીએ વર્ષો પહેલા મત્સ્યોદ્યોગ ક્ષેત્રની વિકાસ સંભાવનાઓને પારખીને તેનો રોડમાર્ગ કંડાર્યો હતો. તે દિશામાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રને આપણે સમયાનુકૂળ પરિવર્તન કરી ભારતની વિકાસ કડીમાં સહભાગી બનાવવો છે. આજે સમગ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રે સ્પર્ધા રહેલી છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્ર પણ તેમાંનું એક છે. આ ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકારે ટેકનોલોજી, સંશોધન અને જરૂરી સહયોગ સહિતના પગલાઓ દ્વારા દેશનો સૌથી મોટો દરિયાકિનારો ધરાવતું ગુજરાતઆગળ વધેતે માટેટેકનોલોજીના માધ્યમથીડેટા એકત્ર કરીઅને તેના સંશોધનના આધારે વૈશ્વિક સ્પર્ધામાંટકીશકાય તે પ્રકારનો માહોલ ઉભો કરવો છે. તેમણે વધુમાંજણાવ્યું કે, વડાપ્રધાનશ્રીની વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા માટે આપણી પાસે તક રહેલી છે. આવતીકાલને સારીબનાવવા માટેતેમજ નવીપેઢીને કંઈકઆપીનેજઈએ એવાભાવ સાથેમત્સ્યસંપદામાં મૂલ્યવર્ધન કરીને આપણુંઉત્પાદન વિશ્વમાં વધુને વધુ કઈ રીતે પહોંચાડી શકાય એ દિશાનું મનોમંથન આજના સેમિનારમાં કરવામાંઆવે તેમાટેનોઅનુરોધતેમણે કર્યોહતો. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે ક્યાંછીએ અને ક્યાં પહોંચી શકાય તેમ છીએ. તેનું દિશાદર્શન આજના ચર્ચાસત્રોમાંથી નીપજેલા નવનીતના આધારે કરવાની તક છે. ઝડપી યુગમાં મત્સ્યોદ્યોગ માત્ર ખાદ્યસુરક્ષાનું સાધન નથી. આપણે ટેકનોલોજી અને વહીવટી સુધારા સાથે માછીમારોના જીવનધોરણમાં સુધારોપણ લાવવાનોછે. તેમણે માછીમારોને માછીમારી એ નાનું કાર્ય છે, એવું ન સમજી અને તમે સૂક્ષ્મ અને લઘુઉદ્યોગનો ભાગ છો, તેમ બનીને કાર્ય કરવામત્સ્યસંપદાને 'માઈન્ડ ટૂ માર્કેટ'ના ખ્યાલ સાથે કદમ મિલાવવા અનુરોધ કર્યો હતો. આપણી પાસે વિશ્વમાં ન હોય એ પ્રકારની માછલીઅને ઝિંગાછે. ૨૩૪૦કિલોમીટરનો દરિયાકિનારો છે, ત્યારે તેનો ઉપયોગ કરીને મત્સ્ય ઉત્પાદનનો જૂની અને પરંપરાગત ભાતથી અલગ નીકળી મૂલ્યવર્ધન સાથેની ચીજવસ્તુઓ બનાવવા માટે ઉપસ્થિત હિતધારકોને અપીલ કરી હતી. મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રીપરસોત્તમભાઈ સોલંકીએ આપણે દેશમાં સૌથી મોટોદરિયાકિનારો ધરાવીએછીએ તેનો પૂર્ણકક્ષાએ ઉપયોગ કરવાતેમજ દરિયાઈ ક્ષમતાઓને ઓળખી આગળ વધવા માટેની શુભકામનાઓ પાઠવી હતી. ગ્રીટ (ગુજરાતરાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન)ના સી.ઈ.ઓ અને એક્ઝિક્યૂટિવ કમિટિના ચેરપર્સન શ્રી એસ.અપર્ણાએ જણાવ્યું હતું કે, ટકાઉતા, ઉત્પાદકતા અને ગુણવત્તાને ધ્યાનમાં રાખીને આપણે માછીમારોના જીવનધોરણમાંપણ બદલાવઆવે એપ્રમાણે કાર્ય કરવુંછે, તેસાથે માછીમારી પદ્ધતિઓ, મૂલ્યવર્ધન, કોલ્ડચેઈન વ્યવસ્થા, પ્રોસેસિંગ અને નિકાસની તકો અંગેનીજાણકારી મેળવી મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસનો રાહ કંડારવો છે. તેમણે રોકાણ, માળખાકીય સુવિધાઓ અને નાવિન્યકરણ સંશાધનોદ્વારા તેમાં વધારોથઈ શકેછે તેમ જણાવી શિક્ષણ, નિપુણતાઅને સંશોધનની જરૂરિયાત વર્ણવીહતી. તેમણે ડેરીકલ્ચર અને હોર્ટિકલ્ચર ક્ષેત્રે જે રીતે આપણે વિકાસ કરી શક્યાં છીએ, તે જ રીતે મરિન ફિશિંગ અને એક્વાકલ્ચરમાંપણ અપાર સંભાવનાઓ છે. તેનો આપણે વિકાસ કરવો છે. તેમણે મત્સ્યોદ્યોગના પ્રશ્નો નહી પણ આ ક્ષેત્ર રાજ્ય અને દેશના વિકાસમાં કઈ રીતે પ્રદાન કરી શકે તેનું મનોમંથન આજનાસત્રમાં કરવાનું છે. વિકાસમાટે ઉત્પાદનને ટકાવી રાખવાનું છે તે સાથેપર્યાવરણને પણ ધ્યાનમાં રાખવાની જરૂરિયાત તેમણે વર્ણવી હતી. તેમણે ગ્રીટ સંસ્થા વિશે જણાવ્યું કે, ગ્રીટ સંસ્થા વિકાસની નીતિઓ, વ્યૂહરચનાઓનો અભ્યાસ કરીને શું વધારો કે સુધારો કરી શકાય? તેની ભલામણો રાજ્ય સરકારને કરે છે. જેને આધારે રાજ્ય સરકાર નીતિનિર્ધારણ કરે છે. મત્સ્યોદ્યોગ વિભાગના સચિવ શ્રી સંદિપકુમારે સેમિનારનો હેતુ સ્પષ્ટ કરીને રાજ્ય સરકારના મત્સ્યવિભાગ દ્વારા મત્સ્યોદ્યોગ અને માછીમારોના વિકાસ માટે રાજ્ય સરકારે ઉઠાવેલા પગલાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે ગુજરાતનો લાંબો દરિયાકિનારો, સમુદ્ર જળસંપદા અને ઉદ્યોગ સાહસિક ક્ષમતાઓ મત્સ્યોદ્યોગ ક્ષેત્રને નવી ઉંચાઈએ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. જો ટેકનોલોજી, તાલીમ અને બજારનું યોગ્ય જોડાણ કરવામાં આવે તો માછીમાર સમુદાયનીઆવકમાં પણ નોંધપાત્ર વધારોકરી શકાય તેમ છે. તેમણે રાજ્ય સરકાર દ્વારા માછીમારોને આપવામાં આવતી ડિઝલમાં વેટ સહાય, વહાણમાં સહાય, હાર્બરના આધુનિકીકરણ, બોટ પર સોલાર વિન્ડ પાવરનો ઉપયોગ, બોટ પર ટ્રાન્સપોર્ડર લગાવવા જેવા વિવિધ પ્રોત્સાહનો અને સહાયનો ઉલ્લેખ કરીને આ સગવડનો ઉપયોગ કરીને માછીમારસમુદાય ગુજરાતના વિકાસમાં પોતાનું યોગદાન આપેતેમાટેનો અનુરોધકર્યો હતો. જિલ્લા કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય. એ સોમનાથની પવિત્ર અને ઐતિહાસિક ભૂમિ પર યોજાઈ રહેલો મત્સ્યોદ્યોગનો આ સેમિનાર નવી દિશા અને દ્રષ્ટિ આપનારો સાબિત થશે, તેમ જણાવી સરકાર, ઉદ્યોગ અને માછીમાર સમુદાય વચ્ચેસહકાર વધુમજબૂત બને અને ગુજરાતના મત્સ્યોદ્યોગમાટે ઉજ્જ્વળભવિષ્ય માટેનો મજબૂતપાયો આ સેમિનારથી રચાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં મરિન અને ઈનલેન્ડ ફિશરીઝ પ્રોડક્ટિવિટી વધારવી, આધુનિક માળખું અનેમૂલ્ય ક્ષમતાવર્ધન, મેરિકલ્ચર અને એક્વાકલ્ચરનુંવૈવિધ્યકરણ, નીતિ, સુશાસન અને ટકાઉતાની પગદંડીઓઅંગેના વિવિધ સેમિનારો યોજાયા હતાં. જેમાં દેશભરમાંથી પધારેલા તજજ્ઞોએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતાં. ઉપસ્થિત હિતધારકોએ પોતાના અનુભવોવહેંચ્યા હતાં.આ સેમિનાર થકી રાજ્યના દરિયાકાંઠામાં રહેલી અસીમિત ક્ષમતાઓ, માળખાગત સુવિધાઓ, બંદરોના માળખાઓનુંઆધુનિકીકરણ, મત્સ્ય ઉત્પાદન ક્ષમતા, માછીમારી અને પ્રોડક્શનમાં અત્યાધુનિક ટેક્નોલોજીનોઉપયોગ વગેરે મુદ્દાઓને આવરી લઈ તજજ્ઞોએ હિતધારકો સાથે મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં સંશોધન અને વ્યૂહરચનાઓ પર વિશદ્ છણાવટ કરવામાં આવી હતી. આ સેમિનારમાં દેશમાંથી પધારેલા મત્સ્યોદ્યોગ ક્ષેત્રના તજજ્ઞો, ઉદ્યોગકારો, મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, માછીમારી સમુદાયના પ્રતિનિધિઓ, સીફૂડ એક્સપોર્ટર્સ, એમ્પેડાના પ્રતિનિધિઓ, ફિશરીઝ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કમલમ્,

૬૧મી ત્રૈમાસિક પેન્શન અદાલતનું આયોજન તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે કન્ટ્રોલર ઓફ કમ્યુનિકેશન, ગુજરાતના કાર્યાલય ખાતે દૂર સંચાર વિભાગ, સંચાર મંત્રાલય હેઠળ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પેન્શનધારકો તથા પેન્શનર એસોસિએશનના સભ્યો હાજર રહ્યા અને તેમણે તેમની સમસ્યાઓ રજૂ કરી. પેન્શન અદાલત દરમિયાન નોશનલ ઇન્ક્રિમેન્ટ તથા પેન્શનર ઓળખપત્ર (આઈ-કાર્ડ) સંબંધિત ફરિયાદો પ્રાપ્ત થઈ હતી અને તેનું તત્કાળ સ્થળ પર જ નિવારણ કરવામાં આવ્યું હતું. પેન્શન અદાલત પેન્શન સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે એક અસરકારક મંચ સાબિત થઈ અને સમયસર તથા અસરકારક ફરિયાદ નિવારણ દ્વારા પેન્શનધારકોના કલ્યાણ પ્રત્યે વિભાગની પ્રતિબદ્ધતા દર્શાવી.

ભાવનગર બોટાદ જિલ્લા કક્ષાની ભાઈઓ માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી સાંસદ ખેલ મહોત્સવ થકી યુવા પ્રતિભાને નવી દિશા મળશે: કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા

૨૦૦૦થી વધુ રમતવીરોએ રસ્સા ખેંચ, ખો-ખો, વોલીબોલ, બાસ્કેટ બોલ અને કબડ્ડી સહિતની વિવિધ વયજૂથની સ્પર્ધાઓમાં ભાગ લીધો

કમલમ્,

ભાવનગર શહેરના સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ભાવનગર-બોટાદ જિલ્લા કક્ષાની ભાઈઓ માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ, ગ્રાહકોની બાબતો વિભાગનાંરાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાએ પ્રારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં જિલ્લાભરના ૨૦૦૦થી વધુ રમતવીરો એ રસ્સાખેંચ, ખો-ખો, વોલીબોલ, બાસ્કેટ બોલ અને કબડ્ડી સહિતની વિવિધ વયજૂથની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી આહ્વાનથી દેશભરમાં સાંસદ ખેલ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે, જેના દ્વારા ખેલાડીઓને રમત-ગમતના માધ્યમથી પોતાની પ્રતિભા રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના આહ્વાનને અનુસરીને દરેક સાંસદશ્રી દ્વારા ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાના રમતોત્સવ યોજવામાં આવી રહ્યા છે. આવા આયોજનથી ગ્રામ્ય વિસ્તારોના રમતવીરોને પણ પોતાની ક્ષમતા દર્શાવવાની તક મળી છે. આ કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં રમવા આવેલા રમતવીરોને પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. જેનાથી ખેલાડીઓમાં ઉત્સાહનો વધારો થયો હતો.

આ કાર્યક્રમમાં આગેવાન શ્રી કુમારભાઈ શાહ, શ્રી ભરતભાઈ મેર, શ્રી રાજુભાઈ ફાળકી, શ્રી રોહિતભાઈ બગદરીયા, શ્રી મેહુલભાઈ ડાંગર, શ્રી વિનુભાઈ મકવાણા, જિલ્લા રમતગમત અધિકારી શ્રી નરેશભાઈ ગોહિલ, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી સુનિલભાઈ ચૌધરીસહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને નવમ શ્રી ઉમિયા ચંદ્રક સન્માન સમારોહ યોજાયો

મંત્રીશ્રીના હસ્તે તેજસ્વી તારલાઓને શ્રી ઉમિયા ચંદ્રક એવોર્ડ, સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા

કમલમ્, મહેસાણા,

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારાઉર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતેનવમ શ્રીઉમિયા ચંદ્રક સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીના તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પાટીદાર સમાજના ૧૨૨ દિકરા દીકરીઓનેશ્રી ઉમિયા ચંદ્રક એવોર્ડ તેમજ સન્માનપત્રઆપીસન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતા ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કડવા પાટીદાર સમાજના પરિવારો દુનિયાના ૧૩૨ દેશમાં વસવાટ કરતાથાય છે. જેમાંઈસરોના એક યુવા વૈજ્ઞાનિક, ગુજરાતની એકમાત્ર ઈન્ટરનેશનલ બોક્સીંગ ખેલાડી ૧૯ વર્ષની દિકરી, આંતરરાષ્ટ્રીય કક્ષાએ અન્ડર ૧૯ ક્રિકેટ રમનાર કચ્છનો ખમીરવંતો દિકરો, રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર બે ડીવાયયએસપી, એક પ્રીન્સીપાલ એક આર્મીના મેજર, પીએચડી એમફીલ કરનાર ત્રણ દિકરા દિકરી, એન્જીનીયરીંગ, સીએ. એમફાર્મ સહિતની ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરનાર ૧૨૨ દિકરા દિકરીઓને શ્રી ઉમિયા ચંદ્રક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે શિક્ષણ એ આજના સમયની પ્રાથમિક જરૂરિયાત છે. શિક્ષણ વિના કોઈ સમાજની પ્રગતિ થઈ શકતી નથી માટે શિક્ષણનું મહત્વ સમજી તેનો વ્યાપ વધારવા તેમજ કડવા પાટીદાર સમાજ દ્વારા જે તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ દર ત્રણ વર્ષે આયોજિત કરવામાં આવે છે, તે ખરેખર ગૌરવનો વિષય છે. પાટીદાર સમાજના દીકરા દીકરીઓ શિક્ષિત બનીસમાજની સાથેરાજ્યનું નામ રોશન કરે તે માટે આવા સન્માન સમારોહ કાર્યક્રમ ખૂબ મહત્વના સાબિત થતા હોય છે. આ તકે મંત્રીશ્રીએ સન્માનિત વિદ્યાર્થીઓને ભવિષ્યમાં નવીઊંચાઈઓ હાંસલ કરવાશુભેચ્છાઓ પાઠવીહતી. આ કાર્યક્રમમાં લોકસભાના સાંસદશ્રી હરિભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, ઊંઝા શ્રી ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ચેરમેન શ્રી પ્રકાશભાઈ પટેલ, ઊંઝા એપીએમસીના ચેરમેનશ્રી દિનેશભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ સહિત સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટ દ્વારા ભારતની સૌથી મોટી ક્વોન્ટમ વિજ્ઞાન સંચાર પરિષદનો પ્રારંભ

સાયન્સ અને ટેકનોલોજી સચિવ શ્રીમતી પી. ભારતી અને પીઆરએલના નિયામકશ્રી અનિલ ભારદ્વાજે કરાવ્યો પ્રારંભ



આવાં આયોજનો ક્વોન્ટમ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ભારતના રોડમેપને વધુ મજબૂત બનાવશે: શ્રીમતી પી. ભારતી, સાયન્સ અને ટેકનોલોજી સચિવ

બે દિવસીય સંચાર પરિષદમાં દેશભરમાંથી ૨૦૦ જેટલા વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહભાગી થશે

કમલમ્,

ગુજરાતસરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત સાયન્સ સિટી ખાતે "પબ્લિક અંડરસ્ટેન્ડિંગ ઓન ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી" વિષય પર ભારતની સૌથી મોટી બે દિવસીય વિજ્ઞાન સંચાર પરિષદનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. વિજ્ઞાન અનેટેકનોલોજી વિભાગના સચિવશ્રીમતીપી. ભારતી (IAS) અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) નાનિયામકશ્રીઅનિલ ભારદ્વાજે બે દિવસીય વિજ્ઞાન સંચાર પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો. ઉદ્ઘાટન સમારોહમાં ગુજકોસ્ટ ડિસેમ્બર ન્યુઝલેટર 'ગુજકોસ્ટ ન્યૂઝ'નું અનાવરણ કરવામાં આવ્યું હતું તથા કોન્ફરન્સનું સોવેનિયર લોન્ચ કરવામાંઆવ્યું હતું. ઉદ્ઘાટન બાદ પ્રથમદિવસેઈસરો (ISRO) ના વૈજ્ઞાનિક શ્રી સી.પી. શર્માનું મુખ્ય વ્યાખ્યાનઅને લંડનથીપ્રો. કાનન પુરકાયસ્થનું વર્ચ્યુઅલ પ્લેનરી સેશન યોજાયું હતું. આ સિવાય વિવિધમહત્ત્વના વિષયોપર પેનલ ડિસ્કશન અને એક્સપર્ટ ટોક સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ કોન્ફરન્સના પ્રારંભેશ્રીમતીપી. ભારતીએ મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનનું સ્મરણ કરતા જણાવ્યું હતું કેઆજની આ કોન્ફરન્સ ક્વોન્ટમ સાયન્સ અને ટેકનોલોજીની જાહેર સમજ વધારવામાં મહત્ત્વની સાબિત થશે. તેમણેકહ્યું કેઆપણે 'ઇન્ટરનેશનલ યર ઓફ ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૫'ની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે ક્વોન્ટમ ટેકનોલોજીએ ૨૧મીસદીની નવી વૈજ્ઞાનિક ક્રાંતિ છે જે ઉભરતા ક્ષેત્રોમાં ટેક્નોલોજીને નવો આકાર આપી રહી છે. અલ્ટ્રા-ફાસ્ટ કમ્પ્યુટિંગ, અત્યંત સુરક્ષિત કોમ્યુનિકેશન સિસ્ટમ અને એડવાન્સ મટિરિયલ્સ જેવી ઉભરતી ટેકનોલોજીઓ માત્ર ગુજરાત કે ભારત માટે જ નહીં, પરંતુવૈશ્વિક સ્તરેઆપણને આર્થિક વૃદ્ધિ અને વ્યૂહાત્મક ક્ષમતામાં આગળરાખશે. સચિવશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર અને ખાસ કરીને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ છેલ્લાં ઘણાં વર્ષોથી યુવાનોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે સતત પ્રયત્નશીલ છે. ગુજકોસ્ટ (GUJCOST) જેવીસંસ્થાઓ દ્વારા આયોજિત આવા સેમિનારો વિજ્ઞાનને લેબોરેટરીથીસમાજ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

કોન્ફરન્સના મુખ્ય આકર્ષણો:

- **આંતરરાષ્ટ્રીય સ્તરનું આયોજન:** આ પરિષદ યુનેસ્કો (UNESCO) ના 'ઇન્ટરનેશનલ યર ઓફ ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૫' (IYQ-2025) અને ભારત સરકારના નેશનલ ક્વોન્ટમ મિશન (NQM) ના સહયોગથી યોજાઈ રહી છે.
- **સહભાગીઓ:** આ કાર્યક્રમમાં દેશભરમાંથી લગભગ ૨૦૦ જેટલા વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.
- **નિષ્ણાતોની ઉપસ્થિતિ:** યુનાઇટેડ કિંગડમ (UK), વિયેતનામ અને નેપાળના આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો આ બે દિવસ દરમિયાન વિવિધ વિષયો પર માર્ગદર્શન આપશે.
- **પ્રાયોગિક પ્રદર્શન:** શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ક્વોન્ટમ સુપરપોઝિશન મોડલ્સ અને એન્ટેન્ગલમેન્ટ ડેમોન્સ્ટ્રેટર્સ જેવી હેન્ડ્સ-ઓન ક્વોન્ટમ એજ્યુકેશન કિટ્સનું પ્રદર્શન મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.
- **યુવા સંશોધકો:** વિજ્ઞાન સંચારની જટિલ પદ્ધતિઓ પર યુવા સંશોધકો દ્વારા પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે.

ગુજકોસ્ટને આવર્ષે યુનેસ્કો (UNESCO) ના શૈક્ષણિક ભાગીદાર તરીકે ઓળખ મળવા બદલ તેમણે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. જે એકેડેમિયા, ઉદ્યોગ અનેસરકાર વચ્ચેના સહયોગને વધુ મજબૂતબનાવશે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ક્વોન્ટમ યુગ માટેની સજ્જતા પર ભાર મૂકતા જણાવ્યું કે આપણો ઉદ્દેશ્ય ક્વોન્ટમ વિજ્ઞાનને સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે સરળ અને પ્રેરણાદાયીબનાવવાનોછે. નેશનલ ક્વોન્ટમ મિશનના સહયોગથી આયોજિતઆ પરિષદ દ્વારા આપણે ક્વોન્ટમ વિજ્ઞાન અને ટેકનોલોજીમાંભારતના રોડમેપને વધુ મજબૂત બનાવીશું અને 'વિકસિત ગુજરાત' થી 'વિકસિત ભારત'ના સ્વપ્નેસાકાર કરવામાં ફાળો આપીશું.

ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) ના નિયામકશ્રી અનિલ ભારદ્વાજે ઉદ્ઘાટન સમારોહમાં જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ ના ઉદ્દેશ ક્વોન્ટમ સાયન્સવિશેપબ્લિકને કોમ્યુનિકેટ કરવાનો છે. આ એક અનોખી કોન્ફરન્સ છે. ક્વોન્ટમ કોમ્યુનિકેશન, ક્વોન્ટમ સાયન્સ, ક્વોન્ટમ કોમ્યુટિંગ, ક્વોન્ટમ મટીરિયોલોજી સહિતના વિષયો પર આ બે દિવસીય કોન્ફરન્સમાં મહત્વની ચર્ચા વિચારણાઓ અને ચિંતન મનન કરવામાંઆવનાર છે. સેટેલાઈટ કોમ્યુનિકેશન, ફાઈબર ઓપ્ટિક્સ, ફોટોન્સ, ક્વોન્ટમ કોમ્યુનિકેશનમાં AI અનેમશીન લર્નિંગનો ઉપયોગ સહિતના વિષયો પર તેમણે રસપ્રદ માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. સોસાયટી ફોર ઈન્ફોર્મેશન સાયન્સના પ્રેસિડેન્ટ ડૉ. મનોજ કુમાર પટેરિયાએ ઉદ્ઘાટન સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. અનિશ્ચિતતાથી ભરેલા આધુનિક સમયમાં ક્વોન્ટમ સાયન્સ ઘણા ક્ષેત્રોમાં સમાધાનો પૂરા પાડી શકે છે. માનવજાતના અસ્તિત્વ સામે ઊભા થયેલા ઘણા સવાલોના જવાબો શોધવામાં ક્વોન્ટમ સાયન્સમહત્વનું સાબિત થશે. આવા કાર્યક્રમો ક્વોન્ટમ સાયન્સના મહત્વને ઉજાગર કરીને નાગરિકોને ક્વોન્ટમ સાયન્સ સાથે જોડવામાં મહત્ત્વના સાબિત થશે. ગુજકોસ્ટ (GUJCOST) ના એડવાઈઝર અને મેમ્બર સેક્રેટરી ડૉ. નરોત્તમ સાહૂએ સ્વાગત પ્રવચનકરતા સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે બે દિવસીય ક્વોન્ટમ સાયન્સ કોમ્યુનિકેશન કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય ક્વોન્ટમ સાયન્સના જટિલ વિષયોને વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે સરળ, આકર્ષક અને સુસંગત બનાવવાનો છે. કોન્ફરન્સમાં દેશ વિદેશમાંથી પધારેલા વૈજ્ઞાનિકો, સંસ્થાના પ્રતિનિધિઓ, રિસર્ચ સ્કોલર્સ સહિતના મહાનુભાવો સસ્ટેનેબલ એનર્જી, સંદેશાવ્યવહાર અને ભવિષ્યનીટેકનોલોજીમાં ક્વોન્ટમ વિજ્ઞાનની ભૂમિકાસહિતના વિવિધ વિષયો પરચિંતન મનન કરશે અને વિકસિત ભારતના નિર્માણમાં ક્વોન્ટમ સાયન્સઅને ટેકનોલોજીની ભૂમિકા સુદ્રઢ બનાવવા મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડશે. આ ક્વોન્ટમ વિજ્ઞાનસંચાર પરિષદના ઉદ્ઘાટન સમારોહમાં વિયેતનામ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ઈન્ફોર્મેશનના પ્રો. એન.ટી. લાન, નેપાળ એકેડમીઓફ S&T નાપ્રો અંજના સિંઘ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ, બેંગલુરુના પ્રો. એમ. સાઈબાબા અને ગુજકોસ્ટનાપ્રિન્સિપલ સાયન્ટિફિક ઓફિસર ડૉ. પૂનમ ભાર્ગવ ઉપસ્થિત રહ્યા હતા.

AYUSH પ્રણાલીઓને વૈશ્વિક આરોગ્ય હસ્તક્ષેપ ધોરણોમાં એકીકૃત કરવા માટેWHO અને આયુષ મંત્રાલયે નવી દિલ્હીમાં મહત્વપૂર્ણ તકનીકી બેઠક યોજી

કમલમ્,

પરંપરાગત આરોગ્ય સંભાળના વૈશ્વિક એકીકરણ તરફ એક મુખ્ય પગલું ભરતા, વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ ૨૦-૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ હોટેલ ઈમ્પિરિયલ, નવી દિલ્હી ખાતે ટ્રેડિશનલ મેડિસિન (TM) ઈન્ટરવેન્શન કોડ સેટ ડેવલપમેન્ટપર બેદિવસીય તકનીકી પ્રોજેક્ટ મીટિંગનું આયોજન કર્યું હતું. આ પહેલમૂળભૂત રીતે ૨૪ મે, ૨૦૨૫ના રોજ આયુષ મંત્રાલય અને WHO વચ્ચે હસ્તાક્ષર કરાયેલ સીમાચિહ્નરૂપ સમજૂતી કરાર (MoU) અને દાતા કરારદ્વારા પ્રેરિત હતી.

આ કરાર આરોગ્ય સંભાળ હસ્તક્ષેપોનું વર્ગીકરણ કરવા માટે આંતરરાષ્ટ્રીય વૈશ્વિક ધોરણ, આંતરરાષ્ટ્રીય આરોગ્ય હસ્તક્ષેપોના વર્ગીકરણ (ICHI) ની અંદર એક સમર્પિત પરંપરાગત દવા મોડ્યુલ વિકસાવવા માટે પાયાના પથ્થર તરીકે કામ કરે છે, જેમાં ભારત આયુર્વેદ, સિદ્ધ અને યુનાની (ASU) સિસ્ટમોને વૈશ્વિક આરોગ્ય સંભાળ મુખ્ય પ્રવાહમાં લાવવા માટે જરૂરી નાણાકીય અને તકનીકી માળખા બંનેને સુવિધા આપે છે. આ બેઠકની સુવિધા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વિઝન સાથે સુસંગત છે, જેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે આવી પહેલો આયુષ પ્રણાલીઓને વૈજ્ઞાનિક રીતે વૈશ્વિક સ્તરે મહત્તમલોકો સુધી પહોંચવામાં મદદ કરે છે. તેમના 'મન કી બાત' સંબોધન દરમિયાન, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આપ્રમાણભૂત માળખું આયુષ પ્રણાલીઓને વૈશ્વિક માન્યતા અને વૈશ્વિક વિશ્વસનીયતા પ્રાપ્ત કરવા સક્ષમ બનાવશે. આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાએ અગાઉ અવલોકન કર્યું હતું કે સમર્પિત ICHI મોડ્યુલ આયુષ પ્રણાલીઓની વૈશ્વિક માન્યતાને સરળ બનાવશે અને સર્વસમાવેશક, સુરક્ષિત અને પુરાવા-આધારિત આરોગ્યસંભાળ માટે WHO ના પ્રયાસોને સમર્થન આપશે. ટેકનિકલ સત્રોની અધ્યક્ષતા આયુષ મંત્રાલયના સંયુક્ત સચિવ સુશ્રી કવિતા ગર્ગે કરી હતી, જેમણે આયુર્વેદ, સિદ્ધ અને યુનાની ચિકિત્સા માટે રાષ્ટ્રીય આરોગ્ય હસ્તક્ષેપ કોડ્સના વિકાસમાં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. તેમના નેતૃત્વ હેઠળ, નિષ્ણાતોની એક પ્રતિષ્ઠિત ટીમે આ પહેલમાં યોગદાન આપ્યું હતું, જેમાં પ્રો. રબિનારાયણ આચાર્ય (ડાયરેક્ટર જનરલ, CCRAS), પ્રો. એન. જે. મુથુકુમાર (ડાયરેક્ટર જનરલ, CCRS), અને ડૉ. ઝહીર અહમદ (ડાયરેક્ટર જનરલ, CCRUM) નો સમાવેશ થાય છે. આ બેઠકમાં AFRO, AMRO, EMRO, EURO, SEARO અને WPRO સહિતના તમામ છ WHO પ્રદેશોમાંથી વ્યાપક સહભાગીતા જોવા મળી હતી, જે પરંપરાગત દવાઓ પર વ્યાપક વૈશ્વિક પરિપ્રેક્ષ્ય સુનિશ્ચિતકરે છે.

જિનીવામાં WHO હેડક્વાર્ટરના મુખ્ય પ્રતિનિધિઓ જેવા કે રોબર્ટ જેકબ, નેનાદ કોસ્ટાનજસેક, સ્ટેફન એસ્પિનોઝા અને ડૉ. પ્રદીપ દુઆએ વર્ગીકરણની ચર્ચાઓનું નેતૃત્વ કર્યું હતું. તેમની સાથે જામનગરમાં WHO ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર (GTMC) ના ડૉ. ગીતા કૃષ્ણન અને દિલ્હીની WHO SEARO ઓફિસના ડૉ. પવન કુમાર ગોડાટવર જોડાયા હતા. ભૂતાન, બ્રાઝિલ, ભારત, ઈરાન, મલેશિયા, નેપાળ, મોરેશિયસ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, ફિલિપાઈન્સ, યુકે અને યુએસએ સહિતના સભ્ય દેશોએ તેમની દેશની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને હસ્તક્ષેપના વર્ણનોને સુમેળ સાધવા માટે ભાગ લીધો હતો. પરંપરાગત દવાઓનું ICHI માંએકીકરણ મહત્વપૂર્ણ છે કારણ કે ઈન્ટરવેન્શન કોડિંગ વિવિધ દેશો અને તબીબી પ્રણાલીઓમાં આરોગ્ય પ્રક્રિયાઓ માટે સમાન ભાષા પૂરીપાડે છે. આ કોડ્સનું માનકીકરણ કરીને, આરોગ્યસંભાળ પ્રદાતાઓ પરંપરાગત સારવારની આવૃત્તિ અને અસરકારકતાનું વધુ સારી રીતે દસ્તાવેજીકરણ, અહેવાલ અનેવિશ્લેષણ કરી શકે છે. આ પ્રોજેક્ટ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કડક સમયમર્યાદા સાથે, વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને હાથ ધરવામાં આવશે. તે માત્ર ક્લિનિકલ સંશોધન અને નીતિ વિષયક સમર્થનમાં મદદ જ નહીં કરે પરંતુ વૈશ્વિક સ્તરે રાષ્ટ્રીય આરોગ્ય માહિતી પ્રણાલીઓની અંદર પરંપરાગત દવાઓના વ્યાપ વધારવાનો માર્ગપણ મોકળો કરશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028